
## સપ્ટેમ્બરમાસ -દિન વિશેષ

### જુગતરામ ચીમનલાલ દવે



ગુજરાતના સ્વાતંત્ર્ય સેનાની જુગતરામ ચીમનલાલ દવેનો જન્મ તા.૧/૯/૧૮૮૮નારોજ ભારત દેશ ના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા સુરેન્દ્રનગર જિલ્લાના લખતર ખાતે થયો હતો. તેઓ મહાત્મા ગાંધીના અંત્યજન, સ્વાતંત્ર્ય સેનાની હોવા ઉપરાંત ગુજરાતી ભાષાના કવિ અને લોકનાટ્યકાર પણ હતા. એમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મુંબઈ, વઢવાણ તથા ધ્રાંગધ્રા ખાતે લીધું હતું. તેઓ મેટ્રિકની પરીક્ષામાં અનુત્તીર્ણ રહ્યા હતા. ઇ.સ. ૧૯૧૭ના વર્ષમાં મુંબઈ ખાતે હાજી મહમ્મદ અલારખિયા સંપાદિત ‘વીસમી સદી’માં તેમણે નોકરી સ્વીકારી હતી. એક વર્ષ સચાજીપુરામાં ગ્રામસેવા કરી અને પછી સ્વામી આનંદ અને કાકાસાહેબ કાલેલકરના સંસર્ગથી તેઓ સાબરમતી આશ્રમમાં શિક્ષણકાર્ય અર્થે જોડાયા હતા. આ સમયગાળા વચ્ચે એમણે ઇ. સ. ૧૯૧૯ના વર્ષમાં ‘નવજીવન’ સાપ્તાહિકની જવાબદારી સ્વીકારી, જે એમણે ઇ. સ. ૧૯૨૩ના વર્ષ સુધી સફળતાપૂર્વક સંભાળી હતી. ૧૯૨૩થી ૧૯૨૭માં એમણે દેશભરમાં જાણીતા બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. ઇ. સ. ૧૯૨૮ના વર્ષ પછીનું આખું જીવન એમણે દક્ષિણ ગુજરાતના રાનીપરજ તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલા વેડછી (જિ.સુરત) આશ્રમમાં આદિવાસી ગ્રામસેવા અને આશ્રમ કેળવણીમાં ગાળ્યું. અંગ્રેજ સરકાર સામે બાથ ભીડતાં અલગ અલગ સત્યાગ્રહોમાં એમણે કુલ નવ વર્ષ જેલવાસ ભોગવ્યો હતો. ભારત દેશને આઝાદી મળ્યા પછી એમણે ઇ. સ. ૧૯૭૧થી ૧૯૭૮ સુધી ‘વટવૃક્ષ’ માસિકનું સંપાદન કર્યું. *વેડછીનો વડલો* તરીકે સંબોધવામાં આવેલા જુગતરામ દવેનું અવસાન ૧૪મી માર્ચ, ૧૯૮૫ના રોજ વેડછી ખાતે આવેલા ગાંધી આશ્રમમાં થયું હતું.એમનું કાવ્યસર્જન પ્રાસંગિક તેમ જ ઊંચી ગુણવત્તાવાળું છે. એમનાં કાવ્યો તથા લેખો ગુજરાતમાં જાણીતાં છે. એમનાં મૌલિક કે પ્રેરિત તેમ જ અનુવાદ કરેલાં ગીતોમાં માધુર્ય, ગેયતા અને લોકવાણીની સરળતાનું સૌંદર્ય માણવા મળે છે. બાળસાહિત્ય અને બાળશિક્ષણમાં પણ એમની અધિક રૂચિ રહી છે. એમના સાહિત્યસર્જનમાં ભગવદ્ ગીતાનો પણ ઊંડો પ્રભાવ રહ્યો છે

### કિર્કપેટ્રિક કેઈર મેકમિલન

સ્કોટલેંડના મહાન વિજ્ઞાની તથા સાઈકલના શોધક કિર્કપેટ્રિક કેઈર મેકમિલનનો જન્મ તા. ૨/૯/૧૮૨૨ના રોજ ડમ્ફ્રીશાયરમાં એક લુહાર પરિવારમાં થયો હતો. તેમના પિતા બ્લેક સ્મિથ સંશોધક હતા. મેકમિલને સૌપ્રથમ ઈ.સ.૧૮૪૨માં સાઈકલ બનાવી હતી. શરૂઆતમાં જે સાઈકલ બની હતી તેને સ્ટેયરીંગ જ નહોતું. તેના પર બેસી સંતુલન જાળવવું પણ મુશ્કેલી પડતી હતી. કિર્કપેટ્રિક કેઈર મેકમિલન સાઈકલમાં અનેક સુધારા વધારા કર્યા જેવા કે તેમણે સાઈકલમાં સ્ટીયરીંગ વ્હીલ મૂક્યું, પેન્ડલ મૂક્યા ઘણી મહેનત પછી મેકમિલન પેન્ડલવાળી સાઈકલ બનાવવામાં સફળતા મળી પરંતુ એ સાયકલ પણ આજના હિસાબે તો સાવ કઢંગી હતી. તેમણે આગલા પૈડા નજીક બે લાંબા અને લટકતા પેન્ડલ રાખ્યા હતા. પેન્ડલ સાથે જોડાયેલ લાકડી પાછળના મોટા પૈડાના સ્પાર્ક લાગી પહોંચતી હતી એટલે પેન્ડલને આગળ પાછળ કરાય કે તુરંત જ એ પૈડું ફરતું આમ છતાં સતત રીતે પેન્ડલ

માર્યા કરવાનું લોકોને ફાવ્યું નહિ. ત્યારપછી પીટર મયો. જેમ્સ સ્ટલી જેવા વિજ્ઞાનીઓ તેમાં અનેક સુધારા વધારા કર્યા. પોતાની સાયકલને પેન્ડલથી પહેલીવાર પૂરપાટ ચલાવવાની કલ્પના કિર્કપેટ્રિક કેઈર મેકમિલનને સાથી ગ્રામવાસીઓ ' ગાંડો' ગણતા હતા. જો કે સ્થાનીકોમાં ' ડ્રાફ્ટ પેટ' તરીકે જાણીતા બનેલા મેકમિલન ઈ.સ.૧૮૩૯માં તેની પેન્દાલથી ચલાવાતી સાયકલનો સંશોધક બન્યો અને આજે લાખો લોકો તેનો ઉપયોગ કરે છે. મેકમિલન ઈ.સ. ૧૮૫૪માં એલસી ગોર્ડોન ગોલ્ડીને કેઈરમાં પરણ્યો અને ૧૮૫૫ થી ૧૮૬૪ દરમ્યાન તે છ સંતાનના પિતા બન્યો. ૧૯મી સદીના ગ્રામીણ સ્કોટલેંડનું એક જાણીતું વ્યક્તિત્વ હતું. કિર્કપેટ્રિક કેઈર મેકમિલનનું અવસાન ૨૬ નવેમ્બર ૧૮૭૪ના રોજ થયું હતું.

## ચુનીભાઇ વૈદ્ય



ગુજરાતના જાણીતા ચળવળકાર અને ગાંધીવાદી ચુનીભાઇ વૈદ્યનો જન્મ તા. ૨/૯/૧૯૧૮ના રોજ ગુજરાતના પાટણ જિલ્લાના નાનકડા ગામમાં થયો હતો. તેઓ ગાંધીવાદી અને સર્વોદયવાદી હતા. તેઓ ચુનીકાકાના નામે જાણીતા હતા.તેમણે ભારતની સ્વતંત્રતા ચળવળમાં અને વિનોબા ભાવેની ભૂદાન ચળવળમાં ભાગ લીધો હતો. તેઓ ઘેલુભાઇ નાયક સાથે ડાંગ જિલ્લામાં સૌથી વધુ સક્રિય હતા. ઈ.સ.૧૯૬૦ ના દાયદામાં તેમણે આસામની હિંસા દરમિયાન શાંતિ માટે પ્રયાસો કર્યા હતા. તેઓ ભૂમિપત્રના તંત્રી હતા. ઈ.સ.૧૯૭૫માં તેમણે ઈન્દિરા ગાંધી દ્વારા લાદવામાં આવેલી કટોકટીનો વિરોધ કર્યો હતો અને તે માટે જેલમાં ગયા હતા. ઈ.સ.૧૯૮૦માં તેમણે ગુજરાત લોક સમિતિની સ્થાપના કરી હતી. ઈ.સ.૧૯૮૬ થી ૧૯૮૮ દરમિયાન ગુજરાતના દુષ્કાળમાં, તેઓ પાટણ જિલ્લામાં ૧૨૦૦૦ હેક્ટર જેટલી જમીનમાં રાહત કાર્યો અને ચેક ડેમના બાંધકામમાં સંકળાયેલા હતા. તેઓ ૨૦૦૨ના ગુજરાતની હિંસાના ટીકાકાર હતા

તેઓ ૧૯ ડિસેમ્બર, ૨૦૧૪ ના રોજ અમદાવાદ ખાતે ૯૭ વર્ષની વયે મૃત્યુ પામ્યા. તેમનો અંતિમ સંસ્કાર દધિચી સ્મશાનગૃહ, વાડજ ખાતે કરવામાં આવ્યો હતો.તેમને પત્રકારત્વ માટે સાને ગુરુજી નિર્ભય પત્રકારિતા એવોર્ડ મળ્યો હતો. શ્રી ચુનીલાલા વૈધને તેમના આ સમાજ વિશ્વ ગુજરાતી સમાજ તરફથી વિશ્વ ગુજરાતી પ્રતિભા એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો

## નરસિંહરાવ ભોળાનાથદિવેટિયા



પંડિતયુગના ઉત્તમ કોટીના ગુજરાતી કવિ, વિવેચક, ભાષાશાસ્ત્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાનો જન્મ તા. ૩/૯/૧૮૫૯ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં લીધું. ઈ.સ.૧૮૮૦માં મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાંથી સંસ્કૃત વિષય સાથે બી.એ પાસ થયા ત્યારબાદ સ્ટેચ્યુટરી સિવિલ સર્વિસની પરીક્ષામાં ઉત્તીર્ણ કરી ઈ.સ. ૧૯૮૪માં ખેડામાં આસિસ્ટન્ટ કલેકટર તરીકે જોડાયા. દક્ષિણભારતનાં જુદાં જુદાં સ્થળોએ નોકરી નિમિત્તે ફરવાથી ત્યાંના સાગરકિનારાએ તથા પહાડીપ્રકૃતિની શોભાએ એમના સર્જકચિત્તને પ્રભાવિત કર્યું. આવી જ રીતે હૈદરાબાદ (સિંધ)નાવસવાટને કારણે બોલીઓનો ખ્યાલ આવ્યો. થોડો વખત ઍક્ટિંગ કલેકટર અને બાકીનો

સમયઆસિસ્ટન્ટ કલેકટર તરીકે નોકરી કરી. ઈ.સ્.૧૯૧૨માં નિવૃત્તિવય પહેલાં નિવૃત્ત થયા. ઈ.સ. ૧૯૧૫માંપાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા. ઈ.સ.૧૯૨૪માં રૉયલ એશિયાટિક સોસાયટીની મુંબઈશાખાના ફેલો ચૂંટાયા. ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૩૫ સુધી ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતીનાપ્રાધ્યાપક તરીકે કામગીરી કરી. એમના ‘કુસુમાવાળા’કાવ્યસંગ્રહમાં ગુજરાતી ઊર્મિકવિતાનું સ્વરૂપ આરંભદશાની કચાશથીદૂર હઠીને પહેલી વાર શિષ્ટતા અને સંસ્કારિતાથી પ્રગટ થયું છે. પશ્ચિમી સંગદર્શિતાતેમ જ સંસ્કૃતસાહિત્ય-સંસ્કારનો સમન્વય આત્મલક્ષી બનીને પરિણામગામી બન્યો છે.પ્રકૃતિ, પ્રણય, ભક્તિ અને ચિંતન આ સંગ્રહની મુખ્ય સામગ્રી છે. ‘હૃદયવીણા’ માં રીતિ એની એ છતાં આત્મલક્ષિતા ઘટી છે.‘નૂપુરઝંકાર’માં મુખ્યત્વે કાન્તની પ્રેરણાથી લખાયેલાંખંડકાવ્યો સંગ્રહાયાં છે. જે પૈકીનાં ‘ચિત્રવિલોપન’ તથા ‘ઉત્તરા અને અભિમન્યુ’ જાણીતાં થયાં છે. ‘સ્મરણસંહિતા’અંગ્રેજ કવિ ટેનિસનના ‘ઈન મેમોરિયમ’ નેઆધારે પુત્રશોકથી જન્મેલી કરુણપ્રશસ્તિ છે. એમાં અંગત શોક સંવેદનશીલતાથીકાવ્યસામગ્રીમાં રૂપાંતર પામ્યો છે. ‘બુદ્ધચરિત’ અંગ્રેજી કૃતિ ‘લાઈટ ઑવએશિયા’ નો અનુવાદ છે. તેમણે ‘જ્ઞાનબાલ’, ‘દૂરબીન’, ‘નરકેસરી’, ‘પથિક’, ‘મુસાફર’, ‘વનવિહારી’, ‘શંભુનાથ’જેવા ઉપનામોથી સાહિત્ય સર્જન કર્યું છે. તેમનું અવસાન ૧૪ જાન્યુઆરી ૧૯૩૭ના રોજ થયું હતું.” પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જ જીવન...” પ્રાર્થના કાવ્ય તેમની મનોહર રચના છે.

## હેમુભાઈ ગઢવી



હેમુભાઈ ગઢવી એ ગુજરાતી લોકસંગીતને ગુંજતુ કરનાર એક અડાભીડ ગાયક,અભિનેતા અને નાટ્યકાર હેમુભાઈ ગઢવીનો જન્મ તા. ૪/૯/૧૯૨૯ના રોજ સુરેન્દ્રનગર જિલ્લા નાં સાયલા તાલુકાનાં ઢાંકણિયા ગામે થયો હતો. તેમના પિતાનું નામ નાનભા અને માતાનું નામ બાલુબા હતું તેમજ તેમના પત્નિનું નામ હરિબા હતું. તેનાં માતા પિતાનાં સંસ્કારો નાનપણથી હેમુભાઈમાં ઉતર્યા હતાં. લોકગીત અને ભજનનો તેમને નાનપણથી જ શોખ હતો. જેથી તેઓ ૧૪ વર્ષની ઉંમરે શક્તિ પ્રભાવ કલામંદિરમાં મહિને ૧૨ રૂપિયાનાં પગારે જોડાયા હતાં. જેમાં તેને પ્રથમ નાટક મુરલીધરમાં કૃષ્ણની ભુમિકા ભજવીને પોતાનાં અભિનયથી જોવા આવનાર લોકોનાં મન મોહી લીધા હતાં. તે દરમિયાન તેને " ગામડુ મુજને પ્યારૂં ગોકુળ " પ્રથમ ગીત ગાયુ હતું. એક વખત તેઓ જામનગર શહેરમાં રાણકદેવી નામનું નાટક ભજવવા ગયેલા. જેમાં તેઓએ રાણકદેવી નું સ્ત્રીનું પાત્ર ભજવ્યુ હતુ અને લોકોનાં દીલ જીતી લીધેલા અને તેનાથી પ્રભાવિત થઈને તે સમયે જામનગર શહેરમાં ચાલતા રાણકદેવી ચલચિત્રનાં નિર્માતા છેક મુંબઈથી આવીને તેઓએ બાળકલાકાર હેમુભાઈને નવાજ્યા હતાં. આમ ધીરે ધીરે તેઓ ચારણી સાહિત્યનો અભ્યાસ કરતા ગયા અને તેનો લોકગીત ગાવામાં અને નાટકમાં ભજવવામાં ઉપયોગ કરતા હતાં. આમ તેઓએ ઈ.સ.૧૯૫૫ સુધીમાં વાંકાનેર ની નાટક કંપની અને રાજકોટની ચૈતન્ય નાટક કંપનીમાં પણ કામ કર્યુ હતું.

આકાશવાણી રાજકોટનાં ગીજુભાઈ વ્યાસ અને ચંદ્રકાંતભાઈ ભટ્ટ એ બન્ને એ હેમુભાઈને નાટક

દરમિયાન ખુબજ નજીકથી જોયા હતાં. જેથી તેઓએ હેમુભાઈને આકાશવાણીમાં તેમની સાથે જોડાવા માટે આગ્રહ કર્યો. જેથી હેમુભાઈ ઈ.સ.૧૯૫૫ ની સાલમાં તાનપુરા કલાકાર તરીકે જોડાયા હતાં. તે દરમિયાન તેઓએ ઝવેરચંદ મેઘાણી અને દુલા કાગનાં સાહિત્યનો અભ્યાસ કરીને લોકસંગીતને વાચા આપી હતી અને આકાશવાણી દ્વારા ગુજરાતનાં ઘર ઘર સુધી પહોંચાડયુ હતું. આમ તેઓએ ઈ.સ.૧૯૬૫ સુધી રાજકોટ આકાશવાણીમાં સેવા આપી હતી.ઈ.સ.૧૯૬૨-૬૩ ની સાલમાં કોલંબિયા કંપનીએ તેમની ૭૮ સ્પીકની "સોની હલામણ મે ઉજળી" રેકર્ડ બહાર પાડી હતી. આ ઉપરાંત એચ.એમ.વી. એ શિવાજીનું હાલરડું, અમે મહિયારા રે અને મોરબીની વાણિયણ જેવી રેકર્ડો બહાર પાડેલી હતી. જે આજેય લોકોનાં માનસપટ ઉપર છવાયેલી છે. આ ઉપરાંત તેમને સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર અને પૃથ્વીરાજ ચૌહાણ જેવા યાદગાર નાટકો કરેલા હતાં. આમ ગુજરાતી ભાષાનાં સાહિત્યને પોતાનાં કંઠ દ્વારા વાચા આપનાર હેમુભાઈ તા.૨૦-૦૮-૧૯૬૫નાં દિવસે પડધરી ખાતે આકાશવાણી માટે રાસડાઓનાં રેકોર્ડીગ વખતે હેમરેજ થવાથી ચકર આવ્યા ને ધરતી ઉપર કાયમને માટે ઢળી પડ્યા અને બધાને અલવિદા કરીને ચાલ્યા ગયા. આમ ફક્ત ૩૬ વર્ષનું આયુષ્ય ભોગવીને તેમનુ અવસાન થયુ. આજે પણ તેઓનાં લોકગીતો માણસને તેમની યાદ અપાવે છે. તેમનાં વારસાને આગળ ચલાવનાર તેમનાં પુત્ર બિહારીદાન ગઢવી પણ હેમુભાઈની જેમજ લોકસંગીતને જીવંત રાખવા માટે લોકગીતો ગાય છે. તેમને રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનનાં હસ્તે શ્રેષ્ઠ લોકસંગીતનો પુરસ્કાર, ગુજરાત સરકારનો શ્રેષ્ઠ લોકગાયકનો ગૌરવ પુરસ્કાર, કસુંબીનો રંગ ગુજરાતીચલચિત્રનાં શ્રેષ્ઠ પાશ્વગાયકનો પુરસ્કાર એનાયત થયેલ છે. તેની સ્મૃતિ રૂપે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશને રાજકોટ શહેરમાં જાહેરમાર્ગને હેમુ ગઢવી માર્ગ નામ આપ્યું.તા.૧૧-૦૮-૧૯૯૮ નાં રોજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાંધવામાં આવેલ ઓડિટોરિયમને હેમુ ગઢવી હોલ નામ આપવામાં આવ્યું.

## ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન



ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણન સ્મૃતિમાં ‘ શિક્ષણ દિન’ તરીકે ઉજવાય છે તેવા મહાન વિચારક, ચિંતક તથા રાષ્ટ્રીય શિક્ષણ પધ્ધતિના પ્રહરી ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ તા. ૫/૯/૧૮૮૮ના રોજ મદ્રાસના તિરૂતની ગામમાં થયો હતો. સમગ્ર વિશ્વમાં શિક્ષકોને ગૌરવ આપનાર , જ્ઞાનથી વધારે બીજું કંઈ પવિત્ર નથી. એ એમનો જીવનમંત્ર હતો. “ કોઈપણ ભોગે સત્તા નહી પણ કોઈપણ ભોગે સેવા” એમ તેઓ માનતા હતા. પૂર્વ પશ્ચિમના સેતુરૂપ વિચાર, આજીવન તત્વજ્ઞ શિક્ષક, અસ્ખલિત વક્તા અને રાજપુરૂષ હતા. દર્શનશાસ્ત્રમાં એમ.એ કરી તેઓ અધ્યાપક બન્યા. ત્યારપછી આંધ્રપ્રદેશ બનારસ યુનિવર્સિટીના કુલપતિ , રશિયાના એલચી અને ઓક્સફર્ડ યુનિવર્સિટીના નીતિશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે નિમણૂંક મેળવનાર તેઓ પ્રથમ ભારતીય હતા. ત્યારપછી તેઓ ભારતના બીજા રાષ્ટ્રપતિ બન્યા.

એક મધ્યમવર્ગીય બ્રાહ્મણ પરિવારના બાળકે અસાધારણ સીધી હાંસલ કરીને દેશનું સર્વોચ્ચ પદ મેળવ્યું એ પ્રેરણા ગાથાને યાદ કરવા માટે પણ શિક્ષક દિવસની ઉજવણી ભારત દેશમાં કરવામાં આવે છે. ડૉ. રાધાકૃષ્ણને યાદ કરીને તેમનું ઉદાહરણ વિદ્યાર્થીઓને

આપી બાળકોને અસાધારણસિદ્ધિ માટે અભિપ્રેરણ આપવામાં આવે છે.

ભગવદગીતા અને ભારતીય દર્શન તેમના અનન્ય ગ્રંથો હતા. મદ્રાસી પાઘડીવાળો, અદ્વિતીય વેશ, હાથમાં ચબરખી રાખ્યા વિના સ્વસ્થ, પ્રાસાદિક અસ્ખલિત અંગ્રેજી ભાષામાં એ મંત્રમુગ્ધ થઈ જવાય તેવું વ્યાખ્યાન આપતા હતા. યંત્ર અને ટેકનોલોજીના ક્ષેત્રે આગળ વધતા માનવને એની આગવી વિચારસરણી, ભારતીય તત્વજ્ઞાનની દ્રષ્ટીનું અસરકારક અનુસંધાન દોર મેળવી આપનાર ચિંતક સંધિ પુરૂષ હતા.બ્રહ્મસૂત્ર , ગીતા ઉપનિષદો દ્વારા એમની મૌલિક દ્રષ્ટિનો પરિચય થયો. અંગ્રેજી ભાષાની અને સંસ્કૃત દર્શન સાહિત્યની અભૂતપૂર્વ સિદ્ધિ સમૃદ્ધિ એમના વ્યાખ્યાનોમાં અને ગ્રંથોમાં જોવા મળે છે. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની બુદ્ધિ પ્રતિભા અને માનવપ્રેમી વ્યક્તિત્વ ધરાવતા હતા. શિક્ષક ઉપરાંત તેઓ એક ઉત્તમ રાજનીતિજ્ઞ પણ પુરવાર થયા. તેમનું અવસાન ૧૭ એપ્રિલ ૧૯૭૫ન રોજ ચેન્નાઈ ખાતે થયું હતું.

## ઇલાબહેન ભટ્ટ



આર્થિક રીતે નબળી બહેનોના ઉત્થાન માટે ' સેવા' સંસ્થાની સ્થાપના કરી માત્ર ગુજરાતમાં જ નહી, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત કરનાર ઇલાબહેન ભટ્ટનો જન્મ તા. ૭/૯/૧૯૩૩ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી ઈ.સ. ૧૯૫૨માં બી.એ. કરી ઈ.સ. ૧૯૫૪માં કાયદાની ઉપાધી પ્રાપ્ત કરી. ઈ.સ. ૧૯૫૬માં અર્થશાસ્ત્રના અધ્યાપક પ્રો.રમેશ ભટ્ટ સાથે લગ્નગ્રંથી જોડાયા. ઇઝરાયલમાંથી લેબરએન્ડ કો-ઓપરેટીવનો ડીપ્લોમા મેળવી સરકારના લેબર ડિપાર્ટમેન્ટમાં કામગીરી કરી. ઈ.સ. ૧૯૫૫ થી ૧૯૫૯ દરમિયાન શ્રમજીવી બહેનોનું જે શોષણ થઈ રહ્યું તેની તરફ તેમનું ધ્યાન ગયું.આ બહેનોને હાગૃત કરીને તેમણે મદદ કરવાની , પગભર કરવાની ઈચ્છા તેમનામાં પ્રગટ થઈ અને તેમણે જીવનની સાચી દિશા મળી ગઈ.


અશિક્ષિત બહેનોને પગભર કરવાના હેતુથી ઈ.સ. ૧૯૭૨માં ' સેલ્ફ એમ્પ્લોઇડ વુમન્સ એસોશિયેશન (સેવા)ની સ્થાપના કરી પોતે તેના સચિવ બન્યા. ભારતમાં શ્રમજીવીઓ માટે કામ કરતાં અનેક મંડળોમાં ' સેવા' સંખ્યાની દ્રષ્ટીએ સૌથી મોટી સંસ્થા છે. જેની સભ્ય સંખ્યા ત્રણ લાખથી વધુ છે. ગુજરાત ઉપરાંત ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, કેરળ તેમ જ બિહારમાં પણ તેની શાખાઓ છે તો દક્ષિણ આફ્રિકામાં પણ સેવાની ભગીની સંસ્થા ' સેવું' શરૂ થઈ છે. આ સંસ્થા દ્વારા રાજ્ય, રાષ્ટ્રીય તેમ જ આંતરાષ્ટ્રીય સ્તરે શ્રમજીવી મહિલાઓ માટે નોંધપાત્ર કામગીરી કરી છે. પોતે ગાંધીયુગના હોવાનો દાવો ણ કરવા છતાં તેમણે ગાંધીજીની વિચારસરણી સાચા અર્થમાં અપનાવી. સાવ સામાન્ય શાકવાળી, વાસણ, કપડાં લેનારી, લારીવાળી જેવી અભણ અને અબોધ ગણાતી બહેનોને એકત્ર કરી તેમના પ્રશ્નો વિષે, તેમના અધિકારો વિષે તેમણે જાગૃત કરી. એક નાની શરૂઆત મોટા વટવૃક્ષમાં પરિણમી. ઈ.સ. ૧૯૮૦માં વિશ્વની મહિલાઓને ધિરાણ મળે તે માટે તેમણે ' વિમેન્સ વર્લ્ડ બેંક'ની સ્થાપના કરી તેમાંથી જરૂરત બહેનોને લોન મળે છે જેનો ઉપયોગ તેઓ પોતાની આજીવિકાના સાધન ઉભા કરવા કરે છે. ઈ.સ. ૧૯૮૫થી ઇલાબેન વિશ્વ મહિલા બેંક- ન્યૂયોર્કના ચેરપર્સન છે. ઈ.સ. ૧૯૬૮ થી ૮૯ સુધી રાજ્યસભામાં નિયુક્ત સભ્ય તરીકે ત્યારપછી ભારતીય આયોજનપંચના સભ્ય તરીકે સેવાઓ આપી હતી. આ

gnanbhandar.com

ઉપરાંત દેશની તેમ જ આંતરાષ્ટ્રીય અનેક સંસ્થાઓ, ફાઉંડેશનો , કમિશનો તેમ જ ટ્રસ્ટીમંડળના સભ્ય છે. અત્યારે તેઓ ગુજરાતવિદ્યાપીઠના કુલપતિ તરીકે સેવાઓ આપે છે.


શ્રમજીવી મહિલાઓ માટે વિરલ કામગીરી કરવા બદલ તેમને વિશ્વ વિખ્યાત રોમન મેગ્સેસ એવોર્ડ સહીત અનેક રાષ્ટ્રીય એવોર્ડ અને ગુજરાતમાં ' વિશ્વ ગુર્જરી' સહીત એવોર્ડથી સન્માનિત થયેલ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પણ તેમને ' નગરભૂષણ એવોર્ડ ' એનાયત થયેલ છે. બીજી નવેમ્બર ૨૦૨૨માં અમદાવાદ ખાતે અવસાન થયું.

## સાહિત્યકાર સ્વામી આનંદ



ગુજરાતી સાહિત્યના ઉત્તમ સાહિત્યકાર સ્વામી આનંદ નો જન્મ તા. ૮/૯/૧૮૮૭ના રોજ સૌરાષ્ટ્રના ઝાલાવાડના લીંબડી પાસે આવેલ શિયાણીગામમાં બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમનું મૂળ નામ હિંમતલાલ રામચંદ્ર દવે હતું. તેઓ કોઈ શાળા કોલેજમાં ગયા નહી. બચપણમાં ઘરમાંથી ભાગી સારા નરસા સાધુઓની દુનિયામાં ખોવાઈ ગયા. તેમના સદભાગ્યે રામકૃષ્ણ અનુયાયીઓના સત્સંગમાં આવ્યા. અને તેમના ભાગ્યના દ્વાર ખૂલી ગયા. ઈ.સ. ૧૯૦૭માં બંગાળના ક્રાંતિકારીઓમાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધો હતો. થોડો સમય પત્રકારત્વની કામગીરી કરી હતી. ઈ.સ. ૧૯૧૯ થી ૧૯૨૨ સુધી નવજીવનના ' યંગ ઈન્ડીયા'ના તંત્રી બન્યા. ઈ.સ. ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહમાં સરદાર પટેલના મંત્રી તરીકે રહ્યા હતા. રાષ્ટ્રમાં રાજકારણ , સમાજકારણ અને સંસ્કૃતિ તથા કેળવણીક્ષેત્રે પ્રસરેલી મલિનતાનો પોતાના પૂર્વગ્રહો મુક્ત શુદ્ધ વિચાર જળથી ધોઈ નાખવાનો પુરૂષાર્થ કર્યો. ' નવલાદર્શન અને બીજા લેખો' તેમણે પ્રગટ કર્યા. ' ઈશુ ભાગવત' સ્વામી આનંદના જીવનના અંતિમ વર્ષોના અનુભવના પરીપાકરૂપ પુસ્તક છે. ઈ.સ. ૧૯૬૯માં ' કુળકથાઓ ચરિત્રલેખો' પુસ્તકની સાહિત્ય અકાદમી દિલ્લીનું પારિતોષિક એનાયત થયું છે. હરિજનોના મંદિર પ્રવેશ આંદોલનના મુખ્ય સંચાલક તથા થાણે અને કૌસાની ગાંધી આશ્રમ પણ તેઓ સ્થાપક અને સંચાલક હતા. તેમણે હિમાલયની પદયાત્રા પ્રવાસ કર્યો. ચરિત્રો, ચિંતન, પ્રવાસ અને અનુવાદના ત્રીસેક પુસ્તકો તેમણે આપ્યા છે. જેમાં કુળકથાઓ, ' નઘરોળ', ; ધરતીનું લૂણ' અને સંતોના અનુજ' વગેરે તેમની મહત્વની કૃતિઓ છે. સ્વામી આનંદનું અવસાન ૨૫ જાન્યુઆરી ૧૯૭૬ના રોજ થયું હતું.

## ૮ સપ્ટેમ્બરઆંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ




૮ સપ્ટેમ્બરને યુનેસ્કોએ ૧૭ નવેમ્બર ૧૯૬૫ના રોજ આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ જાહેર કર્યો હતો. વિશ્વમાં દરેક માનવી, સમાજ તથા વર્ગોને સાક્ષરતાનું મહત્વ સમજાવવું એ મુખ્ય હેતુ હતો. ૧૯૬૫થી અત્યાર સુધી દર વર્ષે આંતરરાષ્ટ્રીય સમુદાયને સાક્ષરતા તથા વયસ્કોમાં શીખવાનું મહત્વને સમજાવે છે. તાજેતરના આકડા અનુસાર ૭૭૫ મીલીયના વયસ્ક લોકોમાં સામાન્ય શિક્ષણનો અભાવ છે, એટલે કે દુનિયામાં દરેક પાંચમાંથી એક વ્યક્તિ ક્ષર નથી અને તેમાંથી બે તૃતીયાંશ સંખ્યા તો મહિલાઓની છે. ૬૦.૭ મિલિયન બાળકો હજુ પણ શાળાએ જતા નથી કાં તો તેમણે શાળામાંથી ચાલુ અભ્યાસ છોડી દીધો છે. વર્ષ ૨૦૦૬માં તમામને શિક્ષણ આપવાના હેતુથી યુનેસ્કોએ રચેલી સંસ્થાના રીપોર્ટ અનુસાર દક્ષિણ તથા પૂર્વ


એશિયામાં વયસ્કોમાં વિર્ક્ષર્તાનું પ્રમાણ સૌથી વધારે જોવા મળે છે. જેનું પ્રમાણ ૫૮.૬ % છે. તે બાદ આફ્રિકાના સાહારા પ્રદેશમાં ૫૯.૭% અને આરબ દેશોમાં ૬૨.૭% સૌથી ઓછી સાક્ષર લોકો છે. આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસની જાહેરાત બાદથી જ તેના માટે એક થીમ પણ પસંદ કરાઈ હતી. જેને એજ્યુકેશન ફોર રાષ્ટ્ર સંઘે પણ એક દૌકા સુધીના સમયને સાક્ષરતા દાયકો જાહેર કર્યો હતો. વર્ષ ૨૦૦૭ અને ૨૦૦૮ માટે આ દિવસને સાક્ષરતા અને સ્વાસ્થ્ય નામે થીમ અપાઈ હતી.

## કુંવર રણજીતસિંહજી



ભારતીય ક્રિકેટના મહાન જાદુગર કુંવર રણજીતસિંહજીના રોજ તા. ૧૦/૯/૧૮૩૨ના રોજ સૌરાષ્ટ્રમાં આવેલ સારોદર ગામમાં થયો હતો.જામનગરના જામસાહેબ વિભાજીએ તેમના દત્તક પુત્ર તરીકે સ્વીકાર્યા હતા. અભ્યાસમાં તે ખૂબ જ તેજસ્વી હતા. તેઓ વધુ અભ્યાસ રાજકોટની રાજકુમાર કોલેજમાં મૂકવામાં આવ્યા. અભ્યાસની સાથે તેમને પ્રિય ક્રિકેટ રમતની પ્રાથમિક તાલીમ પણ આપવામાં આવી. ઈ.સ.૧૮૮૯માં તેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટીની ટ્રીનિટી કોલેજમાં પ્રવેશ લીધો. ત્યાં તેમણે પદ્ધતિસરની તાલીમ પણ આપવામાં આવી. ક્રિકેટમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ ઈ.સ.૧૮૯૪માં ઇંગ્લેન્ડની કાઉન્ટી ટીમના કેપ્ટન તરીકે તેમની પસંદગી થઈ કુંવર રણજીતસિંહની કેપ્ટનશીપ હેઠળ ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ઈ.સ. ૧૮૫૯માં રમાયેલી ઐતિહાસિક મેચમાં તેમણે ઇંગ્લેન્ડની આબરૂ બચાવી હતી. કેમ્બ્રિજ મિત્રો તેમણે ‘ રણજી’ના હુલામણા નામથી બોલાવતા હતા. ઈ.સ. ૧૮૯૬માં યોર્કશાયર સાથેની ક્રિકેટ મેચમાં એક જ દિવસમાં બે સેન્ચ્યુરીનોંધાવી. તેમણે એક મોટો વિશ્વકપ ૧૯૦૨માં સ્થાપિત કર્યો હતો. વેસ્ટ ન્યૂહાબ વિરુધ્ધ ઇસેક્સની રમતમાં ૭મી વિકેટની ભાગીદારીમાં ૩૪૪ રન તેમણે કર્યા હતા. ૧૯ માર્ચ ૧૯૦૭માં નવાનગર ના મહારાજા તરીકે તેમનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો અહ્તો.રાજ્યમાં કુશળ વહીવટ અને વિકાસના કામો કરતાં રહી તેમણે પ્રથમ વિશ્વયુધ્ધ દરમિયાન ઇંગ્લેન્ડના પક્ષે રહી લશ્કરનો મોરચો પણ સંભાળ્યો હતો. ક્રિકેટમાં તેમણે અનેક સિધ્ધિઓ નોંધાવી છે. ક્રિકેટના ઇતિહાસમાં તેઓ એકમાત્ર બેટ્સમેન બનવાનું ગૌરવ પ્રાપ્ત કરેલ છે કે જેમને એક જ સીઝનમાં , એક જ મહિનામાં એક હજાર રન કરવાની સિધ્ધી તેમણે બે વખત નોંધાવી છે.ઇંગ્લેન્ડ તાફર્થીઓ તેમણે ૭૨ સદીઓ અને ૧૪ બેવડી સદીઓ કરી છે. ઈ.સ.૧૯૦૦ના વર્ષમાં રણજીએ પાંચ ડબલ સદીઓ કરી અને છઠ્ઠી સદી માત્ર આઠ રને ચૂકી ગયા હતા, કારણ કે તેમણે દાવ ડોક્લેર કર્યો હતો. ઇંગ્લેન્ડ તરફથી પોતાની પ્રથમ ટેસ્ટ મેચ રમતાં ઓસ્ટેલિયા સામે ૧૮૯૬માં ૧૫૪ રન કરી અણનમ રહ્યા હતા. ઈ.સ. ૧૮૯૭માં ઓસ્ટેલિયાની ધરતી પર પ્રથમ ટેસ્ટ મેચમાં રમતાં તેમણે ૧૭૫ રન કર્યા હતા. રણજીએ કુલ ૫૦૦ દાવ રમીને ૫૬.૩૭ની સરેરાશથી ૨૪૬૯૬ રન કર્યા હતા. તેમાં તેઓ ૬૨ વખત અણનમ રહ્યા હતા. ક્રિકેટ પર તેમણે ત્રણ પુસ્તકો પણ લખ્યા હતા. આવા મહાન ક્રિકેટર જામ રણજીતસિંહનું અવસાન બીજી એપ્રિલ ૧૯૩૩ના રોજ થયું હતું.

## આચાર્ય વિનોબા ભાવે



રાષ્ટ્રપિતા ગાંધીજીના ગાઢ અંતેવાસી અને આધ્યાત્મિક વારસદાર આચાર્ય વિનોબા ભાવેનો જન્મ તા. ૧૧/૯/૧૮૯૫ના રોજ

મહારાષ્ટ્રના રાયગઢ જીલ્લાના ગાગોદા ગામમાં થયો મતો. વિનાયક નરહરિરાવે વિનોબા ભાવેને ગાંધીજીએ જ ' વિનોબા' એવું પ્રેમાળ નામ આપ્યું હતું.વિજ્ઞાન અને અધ્યાત્મિક અને આ સંયુક્ત માનવ બાહ્યસૃષ્ટિ પર જગત પર પ્રભુત્વ મેળવશે. શિક્ષણ સમાજ સુધારણા, સર્વોદય વિચાર વગેરે ક્ષેત્રોમાં તેમણે ઘણું રચનાત્મક કામગીરી કરી હતી. ભૂદાન, સંપત્તિદાન, ગ્રામદાન અને જીવનદાન જેવી પ્રવૃત્તિઓ મારફતે ભારતના શ્રમિકો અને બૌદ્ધિકો ના અંતર સુધી આદર્ભાર્યો સત્કાર પામનાર વિનોબાજીનું ઠામઠેકાણું કેવળ પવનાર આશ્રમમાં રહેનાર સમગ્ર ભારતની ભૂમિ તેમના ચરણ ચિહ્નોથી પવિત્ર વાતાવરણવાલી બની ગઈ છે. સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે પણ ગાંધીજીએ જ્યારે ' વ્યકિતગત સત્યાગ્રહ' શરૂ કર્યો હતો. ત્યારે તેમની પ્રથમ પસંદગી વિનોબાજી પર ઉતરી હતી. વિનોબાનું કાર્ય પ્રેમ અને કરૂણાના પથ પર હમણાં ભરતાં ભરતાં સામાજિક વર્ગવિગ્રહને એકલપંડે ખાળવા મથતા મોટા ગજાના ક્રાન્તીકારીનું છે. વિનોબા ભાવે ભારતની પ્રાચીનતમ સાંસ્કૃતિક વિરાસતનું અનમોલ રત્ન હતા.

## ૧૪ સપ્ટેમ્બર-રાષ્ટ્રભાષા હિન્દી દિવસ




માણસ જન્મે છે ત્યારે રડવાનો અવાજ સાથે જન્મ લે છે. જેમ જેમ તે મોટો થતો જાય છે તેમ તે આજુબાજુના વાતાવરણને જાણે છે. તેમ તેમ કોઈને કોઈ રીતે તે તેના વર્તનમાં લાવે છે. એટલે ભાષા માત્ર સંપર્કનો સેતુ નથી,ભાષા એક ખજાનો છે.જેમાં સંસ્કૃતિનો ખજાનો સચવાઈ રહે છે. ભાષા એ કોઈપણ રાષ્ટ્રના લોકોને જોડતું સૌથી સક્ષમ અને અસરકારક માધ્યમ છે. આજના ટેકનોલોજીયુગમાં અંગેજી ભાષાનું મહત્વ છે.તેમ છતાં આપની માતૃભાષા અને રાષ્ટ્રભાષા ભૂલતા નથી. અને ભૂલવા પણ નથી. હિન્દી ભાષા ભારત દેશમાં સૌથી વધુ લોકો દ્વારા બોલાતી ભારતની રાષ્ટ્રભાષા છે. હિન્દી શબ્દનો પ્રયોગ હિંદમાંથી થયો છે. હિંદ શબ્દ ભારતની પશ્ચિમે આવેલા મુસ્લિમ દેશો દ્વારા ભારત માટે વપરાતો શબ્દ છે. હિન્દી ભાષા મુખ્યત્વે સંસ્કૃત ભાષામાંથી ઉતરી આવી છે. ખાસ કરીને તેમાં ફારસી શબ્દોનો સમાવેશ થાય છે.ભારતમાં વિવિધતામાં એકતા છે. ભરત દેહમાં દરેક રાજ્યની બોલી,રીતરીવાજ,પહેરવેશ અને ધર્મ જુદા છે,પણ આ વિવિધતામાં એકતા ભારતમાં જોવા મળે છે. હિન્દી અને તેની બોલીઓ ઉત્તર અને મધ્ય ભારતના વિવિધ પ્રાંતમાં બોલાય છે. હિન્દી ભાષા એ ભારતીય બંધારણમાં માન્યતા પ્રાપ્ત રાજભાષા છે. ભારતની બંધારણ સભાએ ૧૪મી સપ્ટેમ્બર ૧૯૪૯ના દિવસે તેને અધિકૃત ભાષા તરીકે જાહેર કરી હતી. ભારતીય બંધારણની ૧૭ માં અનુચ્છેદ ૩૪૩(૧)માં વર્ણન કરવામાં આવ્યું છે.અને ત્યારથી દર વર્ષે આ દિવસ હિન્દી તરીકે ઉજવાય છે.દેવનાગરી લિપિ સાથે રાષ્ટ્રભાષા તરીકે તેનો સ્વીકાર થયો છે.વિશ્વમાં ચીની ભાષા પછી સૌથી વધારે બોલાતી ભાષા હિન્દી છે. ભારતમાં અને વિદેશમાં કુલ ૬૦ કરોડથી પણ વધારે લોકો હિન્દી બોલે છે,વાંચે છે અથવા લખે છે. વિદેશોમાં અભ્યાસક્રમોમાં તથા યુનિવર્સિટીઓમાં હિન્દીનો સમાવેશ કર્યો છે.પરંતુ આપણા દેશમાં તેની બાદબાકી થાય છે.

વિશ્વ હિન્દી દિવસ ઉજવણીનો ઉદ્દેશ્ય હિન્દી ભાષાના પ્રચાર - પ્રસાર દ્વારા જાગૃતિ કેળવવાનો છે. આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે રજુ કરવાનો છે. ગાંધીજીએ હિન્દી ભાષાને ' એકતાની ભાષા' કહી છે.

## ડૉ. મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા



ભારતના મહાન ઈજનર ડૉ.વિશ્વેશ્વરૈયાનો જન્મ તા. ૧૫/૯/૧૮૬૧ના રોજ કર્ણાટક રાજ્યના ચિકકાબલ્લાપુર જીલ્લાના મુદ્દેનાહલ્લી ગામમાં શ્રીનિવાસ શાસ્ત્રી અને વેન્કચમમાંને ઘેર થયો હતો. બચપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલા પોતાની કુટુંબની અઆર્થીક સ્થિતિ સારી ન હોવા છતાં તેમણે ઉચ્ચ અભ્યાસ કર્યો. તેમેણ મદ્રાસ યુનિવર્સિટીમાં બીએ પાસ કરી સિવિલ એન્જીનિયરીંગનો અભ્યાસ કોલેજ ઓફ સાયન્સ પુના ખાતેથી પ્રથમ નંબરે પ્રાપ્ત કર્યો. તેઓ પોતાની આગવી કુશાગ્રતાથી સમયાંતરે દેશના એક મહાન ઈજનેર બન્યા. સત્ય, અહિંસા અને ઈમાનદાર જેવા ગુનો ડૉ.વિશ્વેશ્વરૈયાને પોતાની દાદીમાં પાસેથી મળ્યા. પોતાની અઆગવી કુનેહ અને વિશેષ વ્યક્તિત્વને કારણે ઈજનેરીના વિવિધ ક્ષેત્રોમાં પોતાનું વિશિષ્ઠ યોગદાન તેમણે આપ્યું. સિંચાઈ પ્રણાલી, પધ્ધતિ, વહીવટ અને બાંધકામ ક્ષેત્રે પોતાની આગવી સૂઝથી તેમણે સફળતા મેળવી હતી. પીવાના પાણિની યોજના અને વિતરણ વ્યવસ્થાને લગતી કામગીરી તેમણે સક્કર બેરેજથી શરૂ કરી અમદાવાદ,રાજકોટ, ભાવનગર જેવા આપણા રાજ્યોના શહેરોમાં પણ કરી હતી. સિંચાઈ કામો માટેના દરવાજા માટેની લોકીંગ સિસ્ટમ તેમની શોધ હતી અને તેથી તેમણે તૈયાર કરેલા ગેટ 'વિશ્વેશ્વરૈયા ગેટ' તરીકે જાણીતા છે. સરકારી નોકરી છોડ્યા પછી પણ હૈદ્રાબાદના નિઝામ અમે મૈસૂરના મહારાજાએ આ તજજ્ઞની સેવા લઇ પોતપોતાના રાજ્યનો વિકાસ કર્યો હતો, એટલું જ નહિ મૈસૂરના મહારાજાએ તો તેમણે દીવાન પણ બનાવ્યા હતા.

ડૉ.વિશ્વેશ્વરૈયાએ કાવેરી નદી પર આવેલા કૃષ્ણરાજ સાગર બંધ બાંધ્યો. ૯૨ વર્ષની જૈફ વયે પણ તેમણે બિહાર અને બંગાળમાં બ્રિજ બાંધવાની કામગીરી સંભાળી હતી. યમનમાં તેમણે ઈજનેર તરીકે કરેલી કામગીરીથી પ્રસન્ન થઇ તેમને ' કેશરેહિંદ' નો ખિતાબ આપવામાં આવ્યો હતો. ૧૦૩ વર્ષની વયે અવસાન પામનાર આ મહાન વિભૂતિ પર પ્રશંસાના પુશ્પો વેરાયા છે, તેમની કામગીરીની કદર થઇ છે. તેમના ઈજનેરી પ્રદાનથી થયેલા વિકાસથી પ્રભાવિત થઇ મહાત્મા ગાંધીજીએ તો તેમની કામગીરી બિરદાવતાં કહ્યું હતું કે વિશ્વેશ્વરૈયાએ બીજું કશું જ ના કર્યું હોત તો પણ તેમની ઈજનેરી ક્ષમતા અને મહાનતા જ તેમણે એક વિશિષ્ટવ્યક્તિ સાબિત કરવા માટે પૂરતી છે. આ મહાન વૈજ્ઞાનિકને બ્રિટનના મહારાણીએ સીઆઈઈની પડવી આપી તેનું અભિવાદન કર્યું હતું. ત્યારબાદ કેસી આઈઈની પદવી આપી તેમનું અભિવાદન કર્યું હતું. દેશનો ગૌરવશાળી ભારતરત્ન એવોર્ડ અર્પણ કરી ભારત સરકારે ઈ.સ. ૧૯૫૫માં આપી તેમણે કરેલી કામગીરીને બિરદાવી હતી. ઈ.સ.૧૯૮૦માં ભારત સરકારે ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી. આ મહાન માનવીને સ્મૃતિ સદાય જાવંત રાખવા દેશ તેમના જન્મદિન ૧૫મી સપ્ટેમ્બરને ' એન્જીનિયરીંગ દિવસ ' તરીકે ઉજવે છે.

## કૃષ્ણલાલશ્રીધરાણી



ગુજરાતી કવિ અને નાટ્યકાર કૃષ્ણલાલ જેઠાલાલશ્રીધરાણીનો જન્મ તા.૧૬/૯/૧૯૧૧ના ઉમરાળા ગામમાં(જી.ભાવનગર) થયો હતો. પ્રાથમિક શિક્ષણ ઉમરાળામાં અને માધ્યમિક શિક્ષણ દક્ષિણામૂર્તિ વિનયમંદિરમાં મેળવ્યું હતું. ઈ.સ.૧૯૨૯માં ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં જોડાયા. ઈ.સ ૧૯૩૦ ની ઐતિહાસિક દાંડીકૂચના એક સૈનિક તરીકે એમની પસંદગી થઈ. ધરાસણા જતાં કરાડીમાં એમની ધરપકડ થતાં સાબરમતી અને નાસિકમાં કારાવાસ થયો હતો. વિદ્યાપીઠનું શિક્ષણકાર્ય સ્થગિત થવાથી ઈ.સ.૧૯૩૧માં વિશ્વભારતી - શાંતિનિકેતનમાં દાખલ થયા. ઈ.સ.૧૯૩૩માં ત્યાંથી સ્નાતક. બીજે વર્ષે કવિવરટાગોર તેમ જ એક અમેરિકન શિક્ષકની સલાહથી વધુ અભ્યાસાર્થે અમેરિકા ગયા. ઈ.સ.૧૯૩૫માં ન્યૂયૉર્ક યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષયોમાં એમ.એ. ઈ.સ.૧૯૩૬માં કોલંબિયા યુનિવર્સિટીની ગ્રેજ્યુએટ સ્કૂલ ઑવ જર્નાલિઝમમાંથી એમ.એસ. ચાર વર્ષ પછી એજ યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્ર અને રાજ્કીય તત્વજ્ઞાનના વિષયોમાં અભ્યાસ કરી પીએચ.ડી. દરમિયાન અમેરિકામાં હિન્દને આઝાદ કરવાની લડતનો મોરચો રચી, અમેરિકી પ્રજાને સમજણ આપી લોકમત જાગ્રત કર્યો. ઈ.સ. ૧૯૪૫ પછી 'અમૃત બઝાર પત્રિકા' માટે લખવાનું શરૂ કર્યું. ઈ.સ.૧૯૪૬માં ભારત આવ્યા પછી પત્રકારત્વ એમની મુખ્ય પ્રવૃત્તિ થઇ. ઈ.સ ૧૯૪૬માં રાજકોટ ખાતે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના ઇતિહાસ અને અર્થશાસ્ત્ર વિભાગના પ્રમુખ તરીકે વરણી થઇ. ઈ.સ. ૧૯૫૮નો રણજિતરામ સુવર્ણચંદ્રક એમને મરણોત્તર એનાયત થયેલો.૨૩મી જુલાઈ૧૯૬૦ના દિવસે હૃદય બંધ પડવાથી દિલ્હીમાંઅવસાન થયું. તેમણે 'કોડિયાં' મરણોત્તરપ્રગટ થયેલા કાવ્યસંગ્રહ છે. 'પુનરપિ'માં સંગ્રહીત બાવીસ રચનાઓમાં ઊપસતું ઉત્તરશ્રીધરાણીનું કવિવ્યક્તિત્વ વિશિષ્ટ છે.એમણેનાનાં-મોટાં મળી સોળ નાટકો લખ્યાં છે.'વડલો' અને 'પીળાં પલાશ' માંસંગૃહીત બાળનાટકો છે તેબીજા કોઈ સમકાલીન લેખકનાં બાળનાટકોમાં નથી. 'વડલો' નાટક તો હિંદી, મરાઠી અનેઅંગ્રેજી ભાષાનો વેશ પહેરી ગુજરાત બહાર પણ પ્રસર્યું છે. એમણે લખેલા ત્રિઅંકીનાટકોમાં 'મોરના ઈંડા' , બીજું 'પદ્મિની' ઐતિહાસિક નાટક છે.

## શ્રી બાપાલાલ વૈધ




ગુજરાતના પ્રસિદ્ધ આર્યુવેદાચાર્ય , કેળવણીકાર અને સેવામૂર્તિ શ્રી બાપાલાલ વૈધનું જીવન એક કર્મનિષ્ઠ અને ધ્યેયને આજીવન વરેલી વ્યક્તિ છે. તેમનો જન્મ તા. ૧૭/૯/૧૮૯૬ના રોજ સણસોલી ગામમાં થયો હતો. પિતાનું નામ ગરબડદાસ અને માતાનું નામ ઇચ્છાબેન હતું. પ્રાથમિક શિક્ષણ ગામમાં અને હાઈસ્કૂલનું શિક્ષણ વડોદરામાં મેળવ્યું હતું. તેમણે એમ.બી.બી.એસનું પ્રથમ વર્ષ પૂરૂં કરી મુંબઈ જવા વિચારતા હતા પરંતુ શ્રી છોટુભાઈ પુરાણીના આગ્રહથી તેઓ ભરૂચની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે જોડાયા. ઝાડેશ્વરની આર્યુવેદિક હોસ્પીટલમાં વૈધશ્રી અમૃતલાલ પટણીનો પરિચય થતાં આર્યુવેદીકનું શિક્ષણ લેવાનો દ્રઢ નિર્ધાર કર્યો. વૈદાક્શાસ્ત્રનું જ્ઞાન મેળવી હાંસોટ, ભરૂચ અને સુરતમાં તેમણે કામગીરી કરી હતી. તેઓ


ઓચ્છવલાલ નાઝર આર્યુવેદ મહાવિધાલયના આચાર્યપદે સેવા આપી.તેમણે દર્દીઓને રાહત દરે દવાઓ મળી રહે તે હેતુથી ' આત્માનંદ ફાર્મસી'ની સ્થાપાના કરી. આર્યુવેદિક હોસ્પીટલના અધ્યક્ષ પડે નિમણૂંક થઇ. ફાર્મસી તરફથી એક આર્દશ માસિક પણ શરૂઆત કરી હતી. તેમણે અંગ્રેજી અનુવાદો સહીત લગભગ કુલ ૩૫ થી વધારે પુસ્તકો પણ આપ્યા છે. તેમની સેવાઓની કદર કરી જામનગરની આર્યુવેદ યુનિવર્સિટીએ તેમને માનાર્હ ડી લિટ્ ની પડવીથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમણે આપેલ વ્યાખ્યાનમાળા પણ ગ્રંથ  થઈને પ્રગટ થઇ છે. સ્વાતંત્ર્ય સંગામ દરમિયાન વિસાપુર, નાસિક અને અન્ય સ્થળોએ તેમણે કારાવાસ પણ ભોગવ્યો છે. તેમના આર્યુવેદ પરના પુસ્તકોને ધ્યાનમાં લઇ રણજીતરામ સુવર્ણચંદ્રક પણ એનાયત થયેલ છે. આવા વિરલ વ્યક્તિત્વ ધરાવનાર હતા.

## બિંદુ ગિરધરલાલ ભટ્ટ



ગુજરાતી ભાષા નવલકથાકાર, ટૂંકી વાર્તા લેખક, વિવેચક અને અનુવાદક છે બિંદુ બહેન ગિરધરલાલ ભટ્ટનો જન્મ તા. ૧૮/૯/૧૯૫૪ના રોજ રાજસ્થાનના જોધપુરમાં થયો હતો. બાળપણથી જ કંઈક શીખવાની વૃતિ હતી. ઘરમાં બધા ગુજરાતી બોલે ત્યારે એ મારવાડી બોલે. પાછળથી તેઓ લીંબડી, અમદાવાદમાં તેમનો પરિવાર સ્થાયી થયો હતો. ગુજરાત યુનિવર્સિટી માંથી બીએ તથા હિન્દી વિષય સાથે એમ.એ પાસ થયા. અદ્યતન હિન્દી ઉપન્યાસ ' કથ્ય ઔર શિલ્પ કે નયે આયામ' વિષયપર મહાનિબંધ લખી પી.એચ.ડી.ની ઉપાધી મેળવી હતી.  ત્યારબાદ ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજમાં અધ્યાપન કરવાની સાથે તેમનું ગુજરાતી અને હિન્દીમાં લેખાન્કારની શરૂઆત કરી હતી. તેમની પ્રથમ નવલકથા મીરાં યાજ્ઞિકની ડાયરી છે. ગુજરાતી નવલકથામાં કંઈક નવા કહી શકાય તેવા બે સ્ત્રી પાત્રો વચ્ચેના સજાતીય સંબંધોનું તેમાં ક્લાસભર નિરૂપણ કરવામાં આવ્યું છે.ક્રોધથી પીડાતી એક કદરૂપી સ્ત્રી સૌંદર્ય પામવા કેવી મથામણ કરે છે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રસ્તૃત નવલકથાએ ઠીક ઠીક ચર્ચા પણ જગાવી છે. આ કૃતિને ગોવર્ધનરામ ત્રિપાઠી પુરસ્કાર એનાયત થયેલ છે. તેમની બીજી એક નવલકથા ' અખેપાતર'ને ઈ.સ. ૨૦૦૩નો કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયેલ છે. આ ઉપરાંત ગુજરાતી સાહિત્ય પરિષદનો પુરસ્કાર એનાયત થયેલ છે. તેમણે ગુજરાતી ઉપરાંત હિન્દીમાં ; અદ્યતન હિન્દી ઉપન્યાસ'. 'આજ કે રંગ્નાતક' , ' હરિવલ્લભ ભાયાણીના ગ્રંથનો હિન્દી અનુવાદ 'અપ્રભ્રંશ વ્યાકરણ' , 'ધીર્બહેન પટેલની 'આંધળી ગલી'નો હિન્દીમાં અનુવાદ કર્યો છે.

## હરીન્દ્ર દવે




ગુજરાતી ઊર્મિશીલ કવિ, સિદ્ધહસ્ત નવલકથાકાર હરીન્દ્ર દવેનો જન્મ તા. ૧૯/૯/૧૯૩૦ના રોજ કચ્છ ના ખંભારામાં થયો હતો. પિતાનું નામ જયંતીભાઈ હતું. તેમણે શરૂઆતનું શિક્ષણ ભાવનગરમાં લીધું. ઈ.સ. ૧૯૫૧માં મુંબઈ યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષય સાથે બી.એ. ઈ.સ. ૧૯૬૧માં ગુજરાતી અને અંગ્રેજી વિષય સાથે

એમ.એ. પાસ થયા. ગુજરાતી સાહિત્યમાં કવિતા, નવલકથા, નાટક, નિબંધ , પત્રકારત્વ અને વિવેચનક્ષેત્રે તેમનું મહત્વનું પ્રદાન છે. ' જન્મભૂમિ' તેમ જ ' પ્રવાસી' દૈનિક પેપરમાં તેઓ સંનિષ્ઠ તંત્રી તરીકે સેવા આપી. પ્રેમ અને મૃત્યુ એમના સર્જનના ખાસ વિષયો છે. ' મૌન', 'આસવ', 'અર્પણ', 'હયાતી' , ' સમય ' અને ' સૂર્યોદય' તેમના જાણીતા કાવ્યસંગ્રહો છે. . 'ફૂલ કહે ભમરાને ભમરો વાત વહે ગુંજનમાં/ માધવ ક્યાંય નથી મધુવનમાં' કે 'પાનલીલું જોયું ને તમે યાદ આવ્યાં....' જેવાં ગીતો ખૂબ જ લોકપ્રિય કાવ્યો છે. એમની પહેલીનવલકથા 'અગનપંખી' છે.તેમની અન્ય નવલકથાઓમાં ' 'પળનાં પ્રતિબિંબ', ' માધવ ક્યાંય નથી', ' મુખવટો', ' વસીયત' અને 'અનાગત' છે. એમની નવલકથાઓમાં વર્તમાન યુગના સ્ત્રીપુરૂષોની સંવેદનજન્ય સમસ્યાઓનું આલેખન જોવા મળે છે. હરીન્દ્ર દવે સાહિત્યપ્રકારોમાં સવિશેષ કવિતા અને નાટક પ્રત્યે સવિશેષ આકર્ષાયા છે.

તેમના 'હયાતી' કાવ્યસંગ્રહને દિલ્લી સાહિત્ય અકાદમી તરફથી પારિતોષિક એનાયત થયેલ છે. ઈ.સ. ૧૯૮૨માં રણજીતરામ સુવર્ણચંદ્રક , ઈ.સ. ૧૯૯૦માં મહારાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર, ઈ.સ. ૧૯૯૧માં ક.મા.મુનશી એવોર્ડ, આ ઉપરાંત બી.ડી.ગોયન્કા એવોર્ડ , ઈ.સ. ૧૯૯૨માં મધ્યપ્રદેશનો રાષ્ટ્રીય પુરસ્કાર ' કબીર' એવોર્ડ પણ એનાયત થયેલ છે.

## ઉછરંગરાય ઢેબર



ગુજરાતના સ્વાતંત્રસેનાની અને સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી અને રચનાત્મક કાર્યકર ઉછરંગરાય ઢેબરનો જન્મ તા. ૨૧/૯/૧૯૦૫ના રોજ જામનગર પાસે આવેલા ગંગાજળાગામમાં થયો હતો. પિતાની નામ  માતાનું નામ ઉજમબા હતું. તેમણે રાજકોટમાં જ માધ્યમિક શિક્ષણ લીધું.મુંબઈમાં જ સોલીસિટર ને ત્યાં નોકરીની શરૂઆત કરી. તેમાંથી એમને વકીલાતમાં રસ પડ્યો. ઈ.સ. ૧૯૨૮માં ' બોમ્બે હાઈકોર્ટ પ્લીડર' ની પરીક્ષા પાસ કરી વકીલાત શરુ કરી. ઈ.સ. ૧૯૩૦માં દાંડીકૂચના પ્રસંગે તેમના અંતરને વલોવ્યું. ઈ.સ. ૧૯૩૬ના તેમણે વકીલાતને તિલાંજલી આપીને સેવાકાર્યમાં ઝૂકાવ્યું. ઈ.સ. ગાંધીજી રાજકોટ આવ્યા ત્યારે તેમની સાથે મુલાકાત થઇ તેમના આશીર્વાદ લીધા. ત્યારપછી વલ્લભભાઈના દિશાસૂચનથી સૌરાષ્ટ્રને સેવાનું કેન્દ્ર બનાવ્યું. થોડા જ સમયમાં તેઓ સૌરાષ્ટ્રના કાર્યકરોમાં અગ્રણી થઇ ગયા. અતિવૃષ્ટિ અને દુષ્કાળ સમયે રાહતકાર્યોમાં મહત્વનો ભાગ ભજવ્યો. ભારતની આઝાદી બાદ સૌરાષ્ટ્રના દેશી રાજ્યોના વિલીનીકરણનો પ્રશ્ન સુલઝાવવામાં સરદારને તેમણે સારી એવી સહાય કરી. જુનાગઢનો પ્રશ્ન ઉકેલવા માટે આરઝી હકુમતની રચનામાં પણ મહત્વનો ભાગ ભજવ્યો. રાજકોટ રાજ્યમાં પ્રજા પ્રતિનિધિ સભા સ્થાપવામાં તથા જવાબદાર રાજ્યતંત્ર મેળવવા તેમણે સાથીઓની સહાયની લડત આદરી જે

છેવટે વિખ્યાત રાજકોટ સત્યાગ્રહમાં પરિણમી. ઢેબરભાઈએ લડત દરમિયાન અવારનવાર જેલવાસ ભોગવવો પડ્યો. આ લડતની પૂર્ણાહુતિ બાદ ઢેબરભાઈ રાષ્ટ્રીય નેતા તરીકે જાણીતા થયા. ઢેબરભાઈએ ઈ.સ. ૧૯૪૦ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લઇ જેલવાસ પણ ભોગવ્યો હતો. ઈ.સ. ૧૯૪૨ની લડતમાં પણ તેમણે કારાવાસ ભોગવ્યો હતો. ઈ.સ. ૧૯૪૭માંસ્વાતંત્ર્યની પ્રાપ્તિ પછી કાઠીયાવાડના દેશી રાજ્યોનું એક એકમ રચવામાં આવ્યું. જેનું ' સૌરાષ્ટ્ર' એવું નામ નામકરણ કરવામાં આવ્યું.સૌરાષ્ટ્રના અલગ રાજ્યના પ્રથમ પ્રમુખ તરીકે ઘેબર્ભૈની વરણી કરવામાં આવી. ઈ.સ. ૧૯૪૮ના જાન્યુઆરીમાં સૌરાષ્ટ્રમાં વચગાળાની સરકાર તેમાં સૌરાષ્ટ્ર પ્રધાનમંડળ રચાયું તેના પ્રથમ પંત પ્રધાન ઢેબરભાઈ થયા હતા. ઈ.સ. ૧૯૫૫માં તેઓ અખિલ હિંદ રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ બન્યા અને જીવનના અંત સુધી રાષ્ટ્રની સેવા કરી. ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ ઢેબરભાઈને કોંગ્રેસ પ્રમુખ તરીકે નિમણૂંક કરી હતી.ઈ.સ. ૧૯૫૫ થી ૧૯૬૦ સુધીમાં કોંગ્રેસ સંગઠનને મજબુત કરવાની કામગીરી તેમણે કરી હતી. ઈ.સ. ૧૯૬૧ થી ૧૯૬૩ સુધી આદિવાસી પંચના અધ્યક્ષ તરીકે સેવાઓ આપી હતી. ગાંધી વિચારસરણી અને ખાદી ગ્રામોદ્યોગના વિકાસમાં મહત્વનો ફાળો આપનાર ઢેબરભાઈનું અવસાન ૧૧ માર્ચ ૧૯૭૭ના રોજ થયું હતું.

## નૃત્યકાર – અંજલિ મેઢ

ભરતનાટયમ નૃત્યના નૃત્યકાર અંજલિ મેઢનો જન્મ ૨૨ સપ્ટેમ્બર ૧૯૨૮ના રોજ સંસ્કારી નાગર પરિવારમાં થયો હતો. પિતાનું નામ રમેશભાઈ અને માતાનું નામ મુગ્ધાબેન હતું. માતાપિતા બંને થિયોસોફિસ્ટ અને રૂકમણીદેવીના પરમ ભક્ત હતા. રૂકમણીદેવી દ્વારા સ્થાપવા આવેલ ' કલાક્ષેત્ર' સંસ્થામાં અંજલિએ અભ્યાસ કર્યો હતો. પોતાની નિસર્ગદત્ત શક્તિઓ અને પ્રતિભાથી અંજલિએ સૌની પ્રીતિ સંપાદન કરી હતી. ભરત ભટયમ નૃત્યની સંગતમાં અપાતાં નત્તવાંગમ સંગીતમાં પણ તેમને ઊંડું જ્ઞાન હતું. તાલ અને લયમાં એમનું અદ્દભુત પ્રભુત્વ હતું.

ઇ.સ.૧૯૭૪માં એમને કલાક્ષેત્રની નૃત્ય તાલીમનો ડિપ્લોમા અભ્યાસ કર્યો. ક.મા. મુનશી દ્વારા સ્થાપિત ભારતીય વિદ્યાભવનની નર્તન- શિક્ષાપિથ્ન પ્રથમ આચાર્યા બન્યા. મુંબઈમાં ' રૂકામણી કલાવિહાર' નામે નૃત્યવર્ગો ચલાવ્યા. ત્યારપછી ૧૯૬૦માં વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં નૃત્ય વિભાગના વડા તરીકે નિયુક્ત થયા. ૧૦ ફેબ્રુઆરી ૧૯૭૯ના રોજ વડોદરામાં ' નવગ્રહ' કાર્યક્રમમાં ભરતનાટ્યમ શૈલીમાં સુંદર રજૂઆત કરી ઘેર પાછા ફર્યા અને પછી આરામ લેવા સૂતા તે ફરી જાગ્યા જ નહીં.

## માદામ ભીખાઈજી કામા



ભારતની સ્વતંત્રતા સંગ્રામમાં પ્રથમ મહિલા ક્રાંતિકારી તરીકેનું બહુમાન મેળવનાર માદામ ભીખાઈજી કામાનો જન્મ તા. ૨૪/૯/૧૮૬૧ના રોજ મુંબઈના એક શ્રીમંત પારસી પરિવારમાં થયો હતો. પિતાનું નામ સોરાબજી ફ્રામજી પટેલ અને માતાનું નામ જીજીબાઈ હતું. સોરાબજી મુંબઈના જાણીતા વેપારી હતા. ભીખાઈજી કામા એલેક્ઝાન્ડર પારસી ગર્લ્સ સ્કૂલમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. શાળાના અભ્યાસ દરમિયાન ભીખાઈજી તેજસ્વી વિદ્યાર્થીની તરીકે વર્ગમાં પ્રથમ આવતા હતા. નાની ઉમ્બરથી જ દેશપ્રેમના બીજ તેના માનમાં રોપાઈ ચૂક્યા હતા. બ્રિટીશ જુલમસાળીનો તે પહેલેથી જ વિરોધ કરી હતી. પોતાના દીન દુ:ખીયા ભાઈ બહેનોની સેવા કરવાનું તેને મનોમન નક્કી કરી દીધું હતું. સમાજસેવાની સેવા તેને પોતાના શાળા કોલેજના વર્ષો દરમિયાન જ શરૂ કરી દીધું હતું. ઈ.સ. ૧૮૯૭માં મુંબઈમાં પ્લેગની મહામારીનો રોગ ફેલાઈ ચૂક્યો હતો ત્યારે પોતાના જાનના જોખમે પણ લોકોની સેવામાં તેઓ લાગી ગયા હતા. પ્લેગના ચેપી રોગમાં માદામ ભીખાઈજી પણ સપડાઈ ગયા હતા પરંતુ ભવિષ્યમાં બ્રિટીશરો સામે ટક્કર લેનાર આ વીરાંગનાપ્લેગના રોગનો હિંમતપૂર્વક પ્રતિકાર કર્યો. સમાજસેવાને મનોમન વારી ચૂકેલા માદામ ભીખાઈજી લગ્ન કરવાના વિરુદ્ધમાં હતા. પરંતુ પિતાના આગ્રહને વશ થઈને મોતી ઉંબરના કે.આર.કામા સાથે લગ્ન કર્યા હતા. લગ્ન કર્યા બાદ પણ તેમણે મન સમાજસેવા અને દેશપ્રેમ સર્વોપરી હતા. એટલે તેમનું લગ્નજીવન લાંબુ સમય તાકી શક્યું નહિ. વારંવાર પતિ સાથે થતાં વિખવાદથી તેઓ બંને અલગ થઇ ગયા હતા. આ રીતે પતિથી છૂટા પડ્યા બાદ પણ પોતાની તમામ શક્તિઓ અને પોતાનું સર્વસ્ય દેશની સમર્પિત કરી દીધું હતું. તેમણે ઈ.સ. ૧૯૦૫માં 'વંદે માતરમ' નામનું ક્રાંતિકારી અખબાર જીનીવાથી શરૂ કર્યું હતું. અને તેમાં તેમણે અંગ્રેજોની દમનનીતિનો ચિતાર રજૂ કર્યો. તેમની તબિયત બગડતાં મોટી બીમારીની શસ્ત્રક્રિયા કરાવવા માટે તેમને ઇંગ્લેન્ડ જવું પડ્યું ત્યાં તેમનો પરિચય શ્યામજી કૃષ્ણવર્મા સાથે થયો. તે સમયે સર દોરાબજી તાતા અને વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય જેવા અન્ય ક્રાંતિકારીઓ અભિનય ભારતના નામે એક મંડળી ચલાવતા હતા તેની સાથે માદામ ભીખાઈજી કામા સાથે જોડાઈ ગયા. તેઓ લગભગ ૭૫ વર્ષની વયે તેઓ ભારત પાછા ફર્યા ત્યારે તેમના બંગ બીસ્તારામાંથી વંદે માતરમ લખેલા રાષ્ટ્રધ્વજો તથા આઝાદીની લડતને લગતી અન્ય સાહિત્ય પ્રાપ્ત થઇ અંગ્રેજી દ્વારા તે બધું જ સળગાવી દેવામાં આવ્યું હતું. પોતાના જીવનની અંતિમ ક્ષણો સુધી ભારતની આઝાદીમો મંત્ર જાપ કરતા રહેનાર આ મહાન ક્રાંતિકારી સ્ત્રીરત્ન ની ૧૩ ઓગસ્ટ ૧૯૩૮ના રોજ અવસાન થયું . " જુલમશાહી નો પ્રતિકાર કરવો તે ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવા સમાન છે." તેમનો જીવનમંત્ર હતો.

## વિજ્ઞાની સતીષ ધવન



ભારતના પનોતા પુત્ર અને અજાતશત્રુ વિજ્ઞાની સતીષ ધવનનો જન્મ તા. ૨૫/૯/૧૯૨૦ના રોજ શ્રીનગરમાં થયો હતો. તેઓ પંજાબ યુનિવર્સિટી લાહોરમાંથી સ્નાતકની પદવી ગણિતશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર વિષયમાં લીધી હતી. અંગ્રેજી વિષય સાથે તેઓ બી.એ થયા હતા. ઈ.સ. ૧૯૪૭માં

મીનીસોટા યુનિવર્સિટી અમેરિકામાંથી વૈજ્ઞાનિક ઈજનેરી સાથે એમ.એસ. થયા ત્યારબાદ તેઓ કેલીફોર્નિયા ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં ઈજનેરીની ઉપાધી મેળવી હતી. ઈ.સ. ૧૯૫૧માં ગણિતશાસ્ત્રમાં પી.એચ.ડી પણ કરી હતી. પી.એચ.ડી.માં તેમનો વિષય પૃથ્વીના વાતાવરણ અને તેની બહારના અવકાશમાં વિજ્ઞાન ઉદ્દાયણની તાંત્રિક વિધાનના વિજ્ઞાની અને તરલ ગ્તીર્કીના નિષ્ણાંત હાન્સ ડબલ્યુ લીપ્મેનના માર્ગદર્શન હેઠળ મેળવી હતી. તેમનું જીવન એટલે ગણિત, વિજ્ઞાન, સાહિત્ય અને ઈજનેરી જેવા વિવિધ વિશ્વોનું અદભૂત રસાયણ. ઈ.સ. ૧૯૫૧માં ધવન ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ માં વરિષ્ઠ વૈજ્ઞાનિક અધિકારી તરીકે જોડાયા. ઈ.સ. ૧૯૫૫ સુધીમાં ક્રમશ તેઓ વાયુગતીવિદ્યા ઈજનેરીના પ્રાધ્યાપક તથા અધ્યક્ષ બન્યા. ઈ.સ. ૧૯૬૨માંતેઓ આઈ.આઈ.એસસી ના નિયામક બન્યા. ઈ.સ.૧૯૭૨માં ધવન અવકાશપંચ અને ઈસરોના અધ્યક્ષ તરીકે નિમણૂંક થઇ. ઉચ્ચ કોટીના ટેકનોલોજીકલ વિકાસ અને સંગઠનની પ્રક્રિયાની કામગીરી કરી. ભારતીય વિજ્ઞાનીઓ અને ઈજનેરી પ્રત્યે તે અદભૂત વિશ્વાસ ધરાવતા હતા. શક્તિશાળી નિર્દેશકના માર્ગદર્શક હેઠળ નાના નાના જૂથોની રચના કરી. તેમની પ્રબંધન શૈલી અનોખી હતી તે કદાપિ સમાચાર માધ્યમો આગળ દેખાતા નહિ. ઈસરો ખાતે ઉચ્ચ ટેકનોલોજી અને વિજ્ઞાનની ભૂમિકા તૈયાર કરી. અવકાશપંચના અધ્યક્ષ અને ઇન્ડીયા એકેડમી ઓફ સાયન્સના પ્રમુખ એવા સતીશ ધવનનું અવસાન બીજી જાન્યુઆરી ૨૦૦૨ન રોજ થયું હતું.

## પંડિત ઈશ્વરભાઈ વિદ્યાસાગર




પ્રખર રાષ્ટ્રવાદી અને પ્રગતિશીલ સમાજસુધારક પંડિત ઈશ્વરભાઈ વિદ્યાસાગરનો જન્મ તા. ૨૬/૯/૧૮૨૦ના રોજ બંગાળના હુગલી જીલ્લાના વિરસિંહ નામના એક નાનકડા ગામમાં થયો હતો. પરિવારની આર્થિક સ્થિતિ અત્યંત ગરીબ હતી. પિતાનું નામ થાકુર્દાસ હતું તે કલકત્તામાં રહી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. માતા વિરસિંહમાં રહીને ગૃહિણીના ધર્મો બજાવતા હતા. પં. ઈશ્વરભાઈ વિદ્યાસાગરના લગ્ન એક કુળવાન પરિવારની કન્યા ભગવતીદેવી સાથે થયા હતા. નાની વયમાં સર્વ શાસ્ત્રોમાં અને વિદ્યામાં તેઓ પારંગત હતા. માત્ર એકવીસ વર્ષની વયે વિદ્યાસાગરની ઉપાધી મેળવે છે. કલકત્તાની ની સેન્ટ વિલિયમ્સ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. તેઓ પ્રખર પંડિત અને સાચા વિદ્યાનિધિ અપ્રમાણિકતાના પંથે એક ડગલું પણ તેઓ ભરતા નહિ. તેમણે સંસ્કૃત ભાષા અનર માતૃભાષા બંગાળીના ઉદ્ધાર અને પ્રચાર માટે કાર્ય કર્યું. તેમણે ‘ વૈતાલપચીસી’, ‘કથામલ્લી’, ‘ ચરીતાવલી’, ‘ રામરાજ્યાભિષેક’ ,’ સીતા વનવાસ’ તથા ‘ વ્યાકરણ કૌમુદી’ જેવા ગ્રંથોની રચના કરી. તેમણે કલકત્તામાં મેટ્રોપોલીટન ઇન્સ્ટીટયુટ’ ની સ્થાપના કરી હતી. આ પ્રખર સંસ્કૃત શાસ્ત્ર પુરાણોને આધારે વિધવાવિવાહ અને શાસ્ત્રમાન્ય અને ધર્મમાન્ય સિદ્ધ કર્યા.

પંડિત વિદ્યાસાગર દેશના મોટા સુધારકોમાંના એક ગણાય છે. કાયદા અને જ્યોતિષશાસ્ત્રનું સારું જ્ઞાન

ધરાવતા હતા. અને તેથી જ તેમણે વિધ્યાસગ્રનો ખિતાબ મળ્યો હતો. તેમણે બંગાળી મુલાક્શારોનું પુસ્તક ' વર્ણ પરિચય' પુસ્તક પ્રગટ કર્યું હતું. સમાજમાં મહિલાઓને અપાતા ઉતરતા દરજ્જાના તેઓ વિરોધી હતા. મહિલાઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરતા હતા. પોતાના નાના બાઈના લગ્નનેઘેર જવા માટે કોલેજના વડાએ એમને રજા આપવાની નાં પાડેલી એટલે વિદ્યાસાગરે રાજીનામું આપી દીધું હતું. ઈ.સ. ૧૮૭૭મ કલકત્તામાં ભરાયેલ દરબારમાં એમનું અંગ્રેજ સરકાર શાસને જાહેરમાં બહુમાન કરેલું. તેમણે ઈ.સ. ૧૮૫૯માં ' સોમપ્રકાશ' બંગાળી સમાચારપત્ર કલકતાથી શરૂઆત કરી હતી. આ મહાન મહાપુરૂષનું ઈ.સ.૧૮૯૧માં અવસાન થયું હતું.

## ગુલાબદાસ બ્રોકર



ગુજરાતી સાહિત્યકાર વરિષ્ઠ સર્જક ગુલાબદાસ બ્રોકરનો જન્મ તા. ૨૭/૯/૧૯૦૯ના રોજ પોરબંદરમાં થયો હતો. પિતાનું નામ હરજીવનદાસ શાહ હતું. શાળાનો મોટાભાગનો અભ્યાસ પોરબંદરમાં કર્યો હતો. પોરબંદરમાં મેટ્રીકની પરીક્ષા પાસ કરી ઈ.સ. ૧૯૨૬માં મુંબઈની એલિફન્ટસ કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. ઈ.સ. ૧૯૨૭માં સુમનબેન સાથે લગ્ન કર્યા હતા. ઈ.સ. ૧૯૩૦માં અંગ્રેજી અને ગુજરાતી વિષય સાથે બી.એ. થયા. ઈ.સ. ૧૯૩૧માં સરકારી લો કોલેજમાં જોડાયા પરંતુ ઈ.સ. ૧૯૩૧માં સત્યાગ્રહ લડતમાં જોડાયા અને ધરપકડ થઇ અને સવા વર્ષની પુનાની યરવડા જેલમાં વસવાટ કર્યો.

તેમણે સૌપ્રથમ વાર્તા ' પ્રસ્થાન' પ્રગટ થઇ હતી. ઈ.સ. ૧૯૯૮ સુધીમાં તો તેમણે ચાલીસ કરતાં પણ વધારે પુસ્તકો પ્રગટ કર્યા હતા. તેમણે જીવનમાં ક્યારેય આર્થિક મુશ્કેલીઓનો સામનો કર્યો નથી. તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ ઈ.સ. ૧૯૩૮માં લતા શું બોલે છે ? પ્રગટ થઇ હતી. ત્યારપછી ' માણસના મન', ' વસુધરા અને બીજી વાતો', પ્રકાશનું સમત' , ' સૂર્યા' , ' ભીતરની વાટે અને ' ભીતરનું જીવન' વાર્તાસંગ્રહો પ્રગટ થયા હતા.તેમની વાર્તા કલાત્મક તેમ જ ઐતિહાસિક દ્રષ્ટીએ પણ સૌથી વધુ ધ્યાન ખેંચનારી રહી છે. પોતાની સત્ય ઘટનાઓનો પ્રથમ સંગ્રહ ' પુણ્ય પરવાર્યું નથી' પ્રગટ થઇ હતી. આ ઉપરાંત ' ધુમ્રસેર' અને 'મનના ભૂત' નામના બે નાટકો પ્રગટ થયા છે. તેમાં ધુમસેર ' તેમની પોતાના જ નામની વાર્તા પર આધારિત છે. ઈ.સ. ૧૯૫૬માં દિલ્લી સાહિત્ય અકાદમીમાં ગુજરાતી સલાહકાર સમિતિમાં નિમણૂંક થઇ હતી. ઈ.સ. ૧૯૯૦માં રાજ્યસભા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૯૧માં ' બલરાજ સહાની' પુરસ્કાર એનાયત થયો હતો. ઈ.સ. ૧૯૬૮નો કુમારચંદ્રકપ્રાપ્ત એનાયત થયેલ છે. ઈ.સ. ૧૯૯૮માં રણજીતરામ સુવર્ણચંદ્રક તથા ૧૯૯૯-૨૦૦૦નો નરસિંહ મહેતા પુરસ્કાર એમને પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત ઈ.સ. ૧૯૯૨માં પદ્મશ્રી એવોર્ડ પણ એનાયત થયેલ છે. તેમની ઘણી વાર્તાઓ ભારતની

gnanbhandar.com

ઘણીબધી ભાષાઓમાં અનુવાદિત થયેલ છે. તેમનું અવસાન ૯ જુન ૨૦૦૬ના રોજ થયું હતું.

## સ્વર સમાજ્ઞી લતા મંગેશકર



સૂર કોકિલા તરીકે ઓળખાતા અને ભારત રત્ન લતા મંગેશકરનો જન્મ ૨૮ સપ્ટેમ્બર ૧૯૨૯ના રોજ મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક મધ્યમવર્ગીય મરાઠી પરિવારમાં થયો હતો. લતાનું પ્રથમ નામ હેમા હતું પરંતુ નાટક ' ભાવ બંધન'માં ' લતિકા'નું પાત્ર ભજવ્યા પછી માતાપિતાએ તેમનું નામ લતા રાખ્યું હતું. પિતાનું નામ પંડિત દીનાનાથ મંગેશકર જેઓ એક રંગમંચના કલાકાર અને ગાયક હતા. તેથી સંગીત લતા દીદીને વારસામાં મળ્યું હતું. લતા ૧૩ વર્ષના હતા ત્યારે તેમના પિતાજીનિ અવસાન થયું. લતા પાંચ ભાઈબહેનોમાં સૌથી મોટા હતા. લતાજીને ઘરની જવાબદારી આવી પડતાં લગ્ન ન કર્યા. લતાએ ૧૩ વર્ષની વયે પ્રથમ મરાઠી ફિલ્મ ' કીતી હસાલ' માટે ગીત ગાયું. જોકે આ ફિલ્મ રજૂ થઈ નહીં. ૧૯ વર્ષની વયે ગુલામ હૈદર દ્વારા ફિલ્મ મજબૂરમાં તેમણે મુનવ્વર સુલતાના માટે પ્રથમ પ્લેબેક ગીત ગાયું હતું. સૂર અને શબ્દોના સંગમ સાથે તેમણે જિંદગીની સુરમયી સફરની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૦૫માં આવેલી ફિલ્મ ' બેવફા' નું ગીત " કૈસે પિયા સે મૈ કહું મુઝે કિતના પ્યાર હૈ, આંખો કો ઈંતઝાર હૈ દિલ બેકરાર હૈ" ખૂબ જ લોકપ્રિય બન્યું. તેમણે જીવનકાળ દરમ્યાન ૩૦૦૦થી વધુ ગીતોને પોતાનો કંઠ આપ્યો હતો. લતા દીદીએ ૩૬ ભાષામાં ૫૦ હજારથી વધારે ગીત ગાઈને ગિનિસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું હતું.

લતા મંગેશકરને વિશ્વભરની ટોચની છ યુનિવર્સિટીઓએ ડોક્ટરેટની ડિગ્રી આપી સન્માનિત કર્યા છે. લતાજીને ૭૫થી વધારે એવોર્ડ અને પુરસ્કાર એનાયત થયેલ છે જેમાં ૨૦૦૧માં ભારત રત્ન, ૧૯૮૯માં દાદાસાહેબ ફાળકે એવોર્ડ, ૧૯૯૩માં હિન્દી ફિલ્મ ' બીસ સાલ બાદ' માટે ' કહી દીપ જલે કહી દિલ' માટે ફિલ્મ ફેર લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત થયો. ઇ.સ. ૧૯૯૯માં મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડ મુખ્ય હતા. લતાજી ૧૯૯૯થી ૨૦૦૫ સુધી રાજ્યસભાના નિમાયેલ સભ્ય પણ હતા. આખરે સ્વરસામ્રાજ્ઞી લતા મંગેશકરનું તા. ૬ ફેબ્રુઆરી૨૦૨૨ના રોજ સવારે ૮.૧૨ કલાકે પોતાની જીવનનૈયા સંકેલી લીધી.

## વીર ભગતસિંહ



ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની બલીવેદી પર પ્રાણની આહુતિ આપનાર તથા હિંદ ક્રાંતિની જવાળા પ્રગટાવનાર શહીદ વીર સરદાર ભગતસિંહનો જન્મ તા. ૨૮/૯/૧૯૦૭ના રોજ પંજાબના લાયપુર જીલ્લાના બંગા ગામમાં એક ખાનદાન અને દેશભક્તિના રંગે રંગાયેલા પરિવારમાં થયો હતો. પિતાનું નામ કિશનસિંહ અને માતાનું નામ વિદ્યાવતી હતું. સઘળી જવાબદારી પોતાના માથે લઈને જાનની કુરબાની આપનાર ભગતસિંહ માભોમની

મુક્તિયજ્ઞની ભવ્યઆહૂતિરૂપ હતા. રાષ્ટ્રને ગુલામીની બેડીઓમાંથી આઝાદ કરવા જીવનભર ઝઝૂમનાર આ વીર શહીદે પોતાના આદર્શો અને સિદ્ધાંતો ખાતર લગ્ન પણ ન કર્યા. ' ઇન્કલાબ ઝીન્દાબાદ'નાં નારા સાથે બોંબ ધડાકાઓ કરીને હિંસક ક્રાંતિદળના એક અગ્રગણ્ય સભ્ય તરીકે રહ્યા હતા.

હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ જ્યારે અસહકાર ચળવળમાં શાળા કોલેજનો ત્યાગ કરવાનું ફરમાન  કર્યું ત્યારે સરદાર ભગતસિંહ  કોલેજનો અભ્યાસ છોડી દીધો. દેશપ્રેમ એટલી હદે પ્રબળ બની ગયો કે શાંત અહિંસક લડત લડવા જેટલી ધીરજ હતી નહિ. તેમણે હિંસાનો માર્ગ અપનાવ્યો. ઈ.સ. ૧૯૨૬માં કુંદનલાલ અને ચંદ્રશેખર આઝાદ સાથે મળીને ' કોઠારી ષડ્યંત્ર'ના રાજદ્વારી કેદીઓને છોડાવવા માટે ઈ.સ. ૧૯૨૮માં સમગ્ર ભારતના મુખ્ય ક્રાંતિકારીઓની સભા બોલાવી અને તેમાં સમિતિ રચવામાં આવી. આ સમિતિઓની નેતૃત્વ સરદાર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ અને સુખદેવને આપવામાં આવ્યું. લાલા લજપતરાયને લાઠીચાર્જથી મૃત્યું થયા ના સમાચારે સરદાર ભગતસિંહને હચમચાવી નાખેલા. તેમણે અપૂર્વ હિંમત દાખવીને આઠમી એપ્રિલ ૧૯૨૯ના રોજ દિલ્લીની વડી ધારાસભાના હોલમાં બોંબ ધડાકો કર્યો. હિંદની નોકરશાહીના કાનના પડદા અને આંખો ખૂલી ગઈ. આ ગુના બદલ બ્રિટીશ સરકારે તેમના ઉપર કેસો કર્યા. ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ સાંજે સાત કલાકે લાહોર સેન્ટ્રલ જેલમાં ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવ એમ ત્રણને ફાંસીની સજા કરવામાં આવી. આ મહાન દેશપ્રેમી વીર સરદાર ભગતસિંહને આજના દિને તેમનું સ્મરણ કરીને તેમણે આપેલા બલિદાનને યાદ કરીને વંદન કરીએ.

" દિલસે નિકલેગી ન મરકર ભી વતનકી ઉલ્ફત

મેરી મિટ્ટીસે ભી ખુશ્બુ એ વતન આયેગી."

છેલ્લે છેલ્લે તેમણે ગયેલ ગીતની પંક્તિ તેમના અનન્ય સ્વાતંત્ર્ય પ્રેમ પ્રસ્તૃત કરે છે.